# Meeting of EAM with the Chinese Foreign Minister

September 11, 2020

## વિદેશ મંત્રીની ચીનનાં વિદેશ મંત્રી સાથે બેઠક

સપ્ટેમ્બર 11, 2020

1. વિદેશ મંત્રીએ ભારત-ચીન સીમા ક્ષેત્રોમાં વર્તમાન તણાવ પર 10 સપ્ટેમ્બર 2020 નાં રોજ મોસ્કોમાં ચીનનાં સ્ટેટ કાઉન્સિલર અને વિદેશ મંત્રી વાંગ યી સાથે વિગતવાર ચર્ચા યોજી હતી. આ બેઠક અઢી કલાક ચાલી હતી.

2. વિદેશ મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે 1976 માં રાજદૂત સ્તરનાં સંબંધો ફરીથી શરૂ કર્યાથી અને 1981 થી સીમાનાં વાર્તાલાપો યોજવા સાથે, ભારત-ચીન સંબંધો મોટેભાગે સકારાત્મક માર્ગ પર વિકસ્યા છે. સમયાંતરે ઘટનાઓ ઘટતી રહી છે, પરંતુ મોટેભાગે સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ જળવાઇ રહ્યા છે. પરિણામે, ભારત-ચીન સહકાર પણ વિશાળ ક્ષેણીનાં ક્ષેત્રોમાં વિકસ્યો છે, જે સંબંધને વધારે નોંધપાત્ર ચરિત્ર પ્રદાન કરે છે. ભારતીય પક્ષે ઓળખમાં લીધુ હતું કે સીમાનાં પ્રશ્નનાં નિરાકરણ માટે સમય અને પ્રયાસ આવશ્યક છે, તે સાથે તે બાબત પણ સ્પષ્ટ હતી કે સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ જાળવી રાખવા પરસ્પરનાં સંબંધ આગળ વિકસાવવા માટે મહત્વપૂર્ણ છે. જોકે, પૂર્વિય લદાખમાં બનેલી તાજેતરની ઘટનાઓએ ખરા અર્થમાં દ્વિપક્ષીય સંબંધનાં વિકાસ પર અસર કરી છે. તેથી, વર્તમાન પરિસ્થિતિનું તાત્કાલિક નિરાકરણ બન્ને રાષ્ટ્રોનાં હિતમાં હતું.

3. આ બેઠકમાં, ભારતીય પક્ષે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર સાધનસામગ્રીઓ સાથે ચીનનાં સૈનિકોનાં મોટા જમાવડા પર પોતાની પ્રબળ ચિંતા પર પ્રકાશ પાડ્યો હતો. આટલા મોટા જથ્થામાં સૈનિકોની હાજરી 1993 અને 1996 માં કરવામાં આવેલી સમજૂતિઓ અનુસાર ન હતી અને એલએસી પર ફ્લેશ પોઇન્ટનું નિર્માણ કર્યું હતું. ચીનનાં પક્ષે આ જમાવડા માટે વિશ્વસનીય ખુલાસો પ્રદાન કર્યો નથી. એલએસી પર અસંખ્ય ઘર્ષણની ઘટનાઓ પર ચીનનાં અગ્ર રેખિય સૈનિકોની ઉશ્કેરણીજનક વર્તણૂકોએ દ્વિપક્ષીય સમજૂતિઓ અને પ્રોટોકોલ તરફ અનાદર પણ દર્શાવ્યો હતો. ભારતીય પક્ષે સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે સીમા ક્ષેત્રોનાં વ્યવસ્થાપન પરની તમામ સમજૂતિઓનું સંપૂર્ણ પાલન કરવામાં આવે તે અપેક્ષિત છે અને એકપક્ષિય રીતે રાજકીય સ્થિતિ દલવાનાં કોઇપણ પ્રયાસને સાંખી લેવામાં આવશે નહીં. એવું પણ ભારપૂર્વક કહેવામાં આવ્યું હતું કે ભારતીય સૈનિકોએ સીમા ક્ષેત્રોનાં વ્યવસ્થાપન સંબંધિત તમામ સમજૂતિઓનું અને પ્રોટોકોલનું સંયમપૂર્વક પાલન કર્યું હતું.

4. તાત્કાલિક કાર્ય તમામ ઘર્ષણનાં ક્ષેત્રોમાં સૈનિકો વ્યાપક રીતે દૂર કરવાનું સુનિશ્ચિત કરવાનું છે. તે ભવિષ્યમાં કોઇ અનિશ્ચનિય ઘટના અટકાવવા માટે જરૂરી છે. રાખવામાં આવેલા સૈનિકોનાં તેઓની કાયમી છાવણીઓ પર અંતિમ દૂરકરણ અને પ્રકિયાનાં તબક્કાઓ બનાવવાનું કાર્ય મિલિટ્રી કમાન્ડરો દ્વારા નિર્ધારિત કરવામાં આવશે.

5. તેઓની ચર્ચાઓનાં અંતે, મંત્રીઓ પાંચ બિંદુઓની સમજૂતિ પર પહોંચ્યા હતા જે વર્તમાન પરિસ્થિતિ તરફનાં તેઓનાં અભિગમને માર્ગદર્શન આપશે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 11, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.